# ખંભાત નગરપાલિકા,ખંભાત
## એજન્ડા નોટીસ

તારીખ.૦૨–૦૩–૨૦૨૨ ને બુધવાર ના રોજ બપોરે ૪–૦૦ કલાકે મ્યુની. કાઉન્સીલ હોલમાં મળનાર જનરલ બોર્ડની ખાસ સામાન્ય સભામાં કરવામાં આવનાર કામોના એજન્ડા.

(૧) તારીખ. ૩૧–૦૧–૨૦૨૨ ગત બોર્ડનું પ્રોસીડીંગ મંજુર કરવા બાબત.

(૨) ગુજરાત રાજયની નગરપાલિકાઓમાં કરવેરા વસુલાત હેઠળ "આઝાદી કા અમૃત મહોત્સવ પ્રોત્સાહક વળતર યોજના" દાખલ કરવા બાબત કમિશ્નર, મ્યુનિસિપાલીટી એડમીનીસ્ટ્રેશનની કચેરી, કર્મયોગી ભવન, ગાંધીનગરના પરિપત્ર નંબર. કમિ.મ્યુનિ./ન.પા.વ.ટ/પ્રોવયો/૨૦૨૨/૧૪૨૧ તારીખ.૧૯–૦૨–૨૦૨૨ થી સંદર્ભ થી સીગલ ફાઈલમાં સરકારશ્રી એ તારીખ.૧૮–૦૨–૨૦૨૨ થી આપેલ મંજુરીને આધીન પરિપત્ર કરવામાં આવેલ છે જેમાં નિયમો અને શરતો નકકી કરવા બાબત.

આ ઉપરાંત ચેરમાંથી રજુ થાય તે બાબત.

સહી. કામીની એચ. ગાંધી

ખંભાત નગરપાલિકા. પ્રમુખ,

તારીખ.૨૪–૦૨–૨૦૨૨ ખંભાત નગરપાલિકા,ખંભાત

નોધ (૧) બોર્ડની મીટીંગમાં કરવાનાં કામોનાં કાગળો જોવા તથા વાંચવા સારૂ ઓફીસ ચાલુ હોય તે દિવસો અને રજાના દિવસો દરમ્યાન સવારના ૧૦–૦ થી ૧૨–૦ સુધી ઓફીસ ટેબલ ઉપર મુકવામાં આવેલ છે.

(૨) એજન્ડા પેપરમાં દાખલ કરેલ કામોને વ્યાખ્યા અગર સાર તરીકે ગણવાનાં નથી પરંતુ કામોના વિષયે સુચન છે.

(૩) એજન્ડાની તમામ આઈટમના ઠરાવો નગરપાલિકાની વેબસાઈટ ઉપર દરેકને જોવા મળશે અને નકલો પણ લઈ શકશો www.khambhatnagarpalika.in ઉપરથી મેળવી શકશો.

# ખંભાત નગરપાલિકા, ખંભાત

આજ તારીખ.૦૨–૦૩–૨૦૨૨ ને બુધવાર ના રોજ સાંજે ૦૪–૦૦ કલાકે ખંભાત નગરપાલિકા કચેરીના સભાખંડમાં પ્રમુખશ્રી કામીની હિરેનકુમાર ગાંધી ના અધ્યક્ષ સ્થાને જનરલ બોર્ડની ખાસ સામાન્ય સભા મળી હતી પ્રારંભમાં ઉપસ્થિત સદસ્યશ્રીઓની હાજરી રજીસ્ટરમાં સહી લેતા નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર છે.

<u>હાજર સભ્યશ્રી ઓ.</u>

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | શ્રી | કામીની હિરેનકુમાર ગાંધી | પ્રમુખશ્રી | હાજર |
| (૨) | શ્રી | વિજયસિંહ ચંદુભાઈ પરમાર (રાજભા) | ઉપપ્રમુખશ્રી | હાજર |
| (૩) | શ્રી | મુમતાઝબાનુ અરશીદ શેખ (પેઈન્ટર) | સભ્યશ્રી | હાજર |
| (૪) | શ્રી | ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા | સભ્યશ્રી | હાજર |
| (૫) | શ્રી | દુધાભાઈ હિરાભાઈ રોહીત | સભ્યશ્રી | હાજર |
| (૬) | શ્રી | ચંદુભાઈ ભુરાભાઈ કડીયા | સભ્યશ્રી | હાજર |
| (૭) | શ્રી | નિશાદબાનુ મોહંમદ સોએબ મનસુરી | સભ્યશ્રી | હાજર |
| (૮) | શ્રી | સુનીતાબેન રાજુભાઈ વાઘરી | સભ્યશ્રી | હાજર |
| (૯) | શ્રી | મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય | સભ્યશ્રી | હાજર |
| (૧૦) | શ્રી | અંબાબેન જગદીશભાઈ જાદવ | સભ્યશ્રી | હાજર |
| (૧૧) | શ્રી | સાવજસિંહ અજીતસિંહ ગોહીલ | સભ્યશ્રી | હાજર |
| (૧૨) | શ્રી | પ્રફુલ્લભાઈ મનુભાઈ ચુનારા (પ્રકાશ) | સભ્યશ્રી | હાજર |
| (૧૩) | શ્રી | ભારતીબેન રમેશભાઈ રાણા | સભ્યશ્રી | હાજર |
| (૧૪) | શ્રી | નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ | સભ્યશ્રી | હાજર |
| (૧૫) | શ્રી | નીતીનભાઈ રૂઘનાથજી બ્રહ્મભટ્ટ (ગેસવાળા) | સભ્યશ્રી | હાજર |
| (૧૬) | શ્રી | અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા | સભ્યશ્રી | હાજર |
| (૧૭) | શ્રી | હેતલબેન કરશનભાઈ ભીલ | સભ્યશ્રી | હાજર |
| (૧૮) | શ્રી | સોનલબેન નિતિનકુમાર જોષી | સભ્યશ્રી | હાજર |
| (૧૯) | શ્રી | કનૈયાલાલ મફતભાઈ રાણા (કાનજીભાઈ) | સભ્યશ્રી | હાજર |
| (૨૦) | શ્રી | શમીમબાનુ અબ્દુલહમીદ મલેક | સભ્યશ્રી | હાજર |

| | | | | |
|---|---|---|---|---|
| (૨૧) | શ્રી | હંસાબેન કંચનલાલ રાણા(પઠાણ) | સભ્યશ્રી | હાજર |
| (૨૨) | શ્રી | ઈફતેખારહુસેન મુખ્તાર હુસેન યમની (વકીલ) | સભ્યશ્રી | હાજર |
| (૨૩) | શ્રી | એઝાઝહુસેન ઈર્શાદહુસેન સૈયદ (એઝાઝબાપુ) | સભ્યશ્રી | હાજર |
| (૨૪) | શ્રી | નિતાબેન દિલીપભાઈ રાણા | સભ્યશ્રી | હાજર |
| (૨૫) | શ્રી | રાજેશકુમાર ગુણવંતલાલ રાણા (રાજુભાઈ ભગત) | સભ્યશ્રી | હાજર |
| (૨૬) | શ્રી | શર્મિષ્ઠાબેન પંકજકુમાર આચાર્ય | સભ્યશ્રી | હાજર |
| (૨૭) | શ્રી | ગીતાબેન જતીનકુમાર રાણા | સભ્યશ્રી | હાજર |
| (૨૮) | શ્રી | જયાબેન રોહીતભાઈ ખારવા | સભ્યશ્રી | હાજર |
| (૨૯) | શ્રી | જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા (બાલ્યો) | સભ્યશ્રી | હાજર |

નીચે મુજબના સદસ્યશ્રીઓ ગેરહાજર રહેલ છે.

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | શ્રી | ધ્રુવકુમાર જીતુભાઈ પટેલ (અપ્પુ) | સભ્યશ્રી | ગેર હાજર |
| (૨) | શ્રી | તેજલબેન સાગરકુમાર સોલંકી | સભ્યશ્રી | ગેર હાજર |
| (૩) | શ્રી | ખુશમનભાઈ શાંતીલાલ પટેલ (ચંદનવાળા) | સભ્યશ્રી | ગેર હાજર |
| (૪) | શ્રી | રેખાબેન અલ્પેશકુમાર જાદવ | સભ્યશ્રી | ગેર હાજર |
| (૫) | શ્રી | દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર | સભ્યશ્રી | ગેર હાજર |
| (૬) | શ્રી | ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ (ભુપતભાઈ) | સભ્યશ્રી | ગેર હાજર |
| (૭) | શ્રી | શાંતિબેન ભુપતભાઈ માછી (ભજનવાળી) | સભ્યશ્રી | ગેર હાજર |

હાજરી લીધા બાદ સભાનું કોરમ પુરૂ થયું હોઈ પ્રમુખશ્રી તરફથી તમામ સદસ્યશ્રીઓને આવકારીને સભાનું કામ કાજ શરૂ કર્યુ.

એજન્ડા ક્રમાંક.૧  તારીખ.૦૨–૦૩–૨૦૨૨

તારીખ. ૩૧–૦૧–૨૦૨૨ ગત બોર્ડનું પ્રોસીડીંગ મંજુર કરવા બાબત.

જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૦૪૨ તારીખ.૦૨–૦૩–૨૦૨૨

એજન્ડા ક્રમાંક : ૧ પરત્વેનો પ્રસ્તાવ સદસ્યશ્રી રાજેશકુમાર જી. રાણા તરફથી અને સદસ્યશ્રી અશોકભાઈ વી કાછીયા ના ટેકા સાથે નીચે મુજબ રજુ થયો.

આજ રોજ તારીખ. ૦૨–૦૩–૨૦૨૨ ના રોજ ખંભાત નગરપાલિકાની મળેલ જનરલ બોર્ડની ખાસ સામાન્ય સભા ઠરાવે છે કે તારીખ. ૩૧–૦૧–૨૦૨૨ ગત બોર્ડનું પ્રોસીડીગ મંજુર કરવામાં આવે છે.

ઉપરોકત ઠરાવ ચર્ચામાં મુકાતાં વિપક્ષી સદસ્યશ્રી નિતિનભાઈ આર બ્રહ્મભટ્ટ તરફથી ઉપરોકત ઠરાવ બાબતે નીચે મુજબની સુધારા દરખાસ્ત સદસ્યશ્રી ચંદુભાઈ બી કડીયા ના ટેકા સાથે રજુ થઈ.

<u>સુધારો :–</u>

આ આઈટમ ૩૧–૧–૨૨ ના  રોજના જનરલ બોર્ડના પ્રોસેડીગની મંજુરી માટેની છે અગાઉ પણ અમો એ જણાવેલ છે કે પ્રોસેડીગમાં દરેક આઈટમ પર થનાર મતદાનની પ્રક્રિયા લખેલી નથી એટલે કે આઈટમમાં કયા સભ્યોશ્રી એ તરફેણ કરી કયાં સભ્યોશ્રી એ વિરૂધ્ધ કરેલ તે દરેક આઈટમમાં લખવામાં આવેલ નથી અને સુધારો મુકનાર કયા સભ્યશ્રી છે અને ટેકો આપનાર કયા સભ્યશ્રી છે તે પણ દર્શાવવામાં આવેલ નથી આમ ગુ.ન.પા. અધિનિયમ ૧૯૬૩ ની જોગવાઈમાં જણાવેલ પ્રમાણે પ્રોસેડીગ લખાતું નથી તો જ.બોર્ડમાં જયારે બોર્ડની કામગીરી ચાલતી હોય ત્યારે કાચી નોંધ લખાતી નથી આમ નિયમનો ભંગ થાય છે તો તા.૩૧–૧–૨૨ ના જ.બોર્ડનું પ્રોસેડીગ ફરીથી લખીને આપવું.

ગુ.ન.પા. નિયમ ૧૯૬૩ અને ન.પા.નિયમ ૧૯૭૧ પેટા નિયમનો અને નાણાંકીય નિયમોનો સદંતર અવગણના કરવામાં આવે છે તેથી પ્રોસેડીગનો ના મંજુર કરવામાં આવે છે

સુધારા દરખાસ્ત પર મતદાન લેતા

| તરફેણ | | | વિરૂધ્ધ | | |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી | મુમતાઝબાનુ અરશીદ શેખ | ૧ | શ્રી | ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા |
| ૨ | શ્રી | દુધાભાઈ હિરાભાઈ રોહીત | ૨ | શ્રી | નિશાદબાનુ મોહંમદ સોએબ મનસુરી |
| ૩ | શ્રી | ચંદુભાઈ ભુરાભાઈ કડીયા | ૩ | શ્રી | સુનીતાબેન રાજુભાઈ વાઘરી |
| ૪ | શ્રી | અંબાબેન જગદીશભાઈ જાદવ | ૪ | શ્રી | મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય |
| ૫ | શ્રી | સાવજસિંહ અજીતસિંહ ગોહીલ | ૫ | શ્રી | નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬ | શ્રી | પ્રફુલ્લભાઈ મનુભાઈ ચુનારા | ૬ | શ્રી | અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા |
| ૭ | શ્રી | ભારતીબેન રમેશભાઈ રાણા | ૭ | શ્રી | હેતલબેન કરશનભાઈ ભીલ |
| ૮ | શ્રી | નીતીનભાઈ રૂઘનાથજી બ્રહ્મભટ્ટ | ૮ | શ્રી | સોનલબેન નિતિનકુમાર જોષી |
| ૯ | શ્રી | શમીમબાનુ અબ્દુલહમીદ મલેક | ૯ | શ્રી | કનૈયાલાલ મફતભાઈ રાણા |
| ૧૦ | શ્રી | હંસાબેન કંચનલાલ રાણા | ૧૦ | શ્રી | વિજયસિંહ ચંદુભાઈ પરમાર |
| ૧૧ | શ્રી | ઈફતેખારહુસેન મુખ્તાર હુસેન યમની | ૧૧ | શ્રી | નિતાબેન દિલીપભાઈ રાણા |
| | | | ૧૨ | શ્રી | કામીની હિરેનકુમાર ગાંધી |
| તટસ્થ | | | ૧૩ | શ્રી | રાજેશકુમાર ગુણવંતલાલ રાણા |
| ૧ | શ્રી | એઝાઝહુસેન ઈર્શાદહુસેન સૈયદ | ૧૪ | શ્રી | શર્મિષ્ઠાબેન પંકજકુમાર આચાર્ય |
| | | | ૧૫ | શ્રી | ગીતાબેન જતીનકુમાર રાણા |
| | | | ૧૬ | શ્રી | જયાબેન રોહીતભાઈ ખારવા |
| | | | ૧૭ | શ્રી | જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા |

**સુધારા દરખાસ્ત પર મતદાન લેતા તરફેણમાં (૧૧) તટસ્થમાં (૧) વિરૂધ્ધમાં (૧૭) મત પડતાં સુધારા દરખાસ્ત ના મંજુર થાય છે.**

**મુળ દરખાસ્ત પર મતદાન લેતા**

| તરફેણ | | | વિરૂધ્ધ | | |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી | ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા | ૧ | શ્રી | મુમતાઝબાનુ અરશીદ શેખ |
| ૨ | શ્રી | નિશાદબાનુ મોહંમદ સોએબ મનસુરી | ૨ | શ્રી | દુધાભાઈ હિરાભાઈ રોહીત |
| ૩ | શ્રી | સુનીતાબેન રાજુભાઈ વાઘરી | ૩ | શ્રી | ચંદુભાઈ ભુરાભાઈ કડીયા |
| ૪ | શ્રી | મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય | ૪ | શ્રી | અંબાબેન જગદીશભાઈ જાદવ |
| ૫ | શ્રી | નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ | ૫ | શ્રી | સાવજસિંહ અજીતસિંહ ગોહીલ |
| ૬ | શ્રી | અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા | ૬ | શ્રી | પ્રફુલ્લભાઈ મનુભાઈ ચુનારા |
| ૭ | શ્રી | હેતલબેન કરશનભાઈ ભીલ | ૭ | શ્રી | ભારતીબેન રમેશભાઈ રાણા |
| ૮ | શ્રી | સોનલબેન નિતિનકુમાર જોષી | ૮ | શ્રી | નીતીનભાઈ રૂઘનાથજી બ્રહ્મભટ્ટ |
| ૯ | શ્રી | કનૈયાલાલ મફતભાઈ રાણા | ૯ | શ્રી | શમીમબાનુ અબ્દુલહમીદ મલેક |
| ૧૦ | શ્રી | વિજયસિંહ ચંદુભાઈ પરમાર | ૧૦ | શ્રી | હંસાબેન કંચનલાલ રાણા |
| ૧૧ | શ્રી | નિતાબેન દિલીપભાઈ રાણા | ૧૧ | શ્રી | ઈફતેખારહુસેન મુખ્તાર હુસેન યમની |
| ૧૨ | શ્રી | કામીની હિરેનકુમાર ગાંધી | | | |
| ૧૩ | શ્રી | રાજેશકુમાર ગુણવંતલાલ રાણા | | | |
| ૧૪ | શ્રી | શર્મિષ્ઠાબેન પંકજકુમાર આચાર્ય | તટસ્થ | | |
| ૧૫ | શ્રી | ગીતાબેન જતીનકુમાર રાણા | ૧ | શ્રી | એઝાઝહુસેન ઈર્શાદહુસેન સૈયદ |

| | | |
|---|---|---|
| ૧૬ | શ્રી | જયાબેન રોહીતભાઈ ખારવા |
| ૧૭ | શ્રી | જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા |

મુળ દરખાસ્ત પર મતદાન લેતા તરફેણમાં (૧૭) વિરૂધ્ધમાં (૧૧) અને તટસ્થમાં (૧) મત પડતાં મુળ દરખાસ્ત મંજુર થાય છે.

સહી. કામીની એચ. ગાંધી

પ્રમુખ

ખંભાત નગરપાલિકા, ખંભાત

એજન્ડા ક્રમાંક.૨ તારીખ.૦૨–૦૩–૨૦૨૨

ગુજરાત રાજયની નગરપાલિકાઓમાં કરવેરા વસુલાત હેઠળ ''આઝાદી કા અમૃત મહોત્સવ પ્રોત્સાહક વળતર યોજના'' દાખલ કરવા બાબત.

જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૦૪૩ તારીખ.૦૨–૦૩–૨૦૨૨

એજન્ડા ક્રમાંક : ૨ પરત્વેનો પ્રસ્તાવ સદસ્ય શ્રી રાજેશકુમાર જી. રાણા તરફથી અને સદસ્યશ્રી મનીષકુમાર બી. ઉપાધ્યાય ના ટેકા સાથે નીચે મુજબ રજુ થયો.

આજ રોજ તારીખ.૦૨–૦૩–૨૦૨૨ ના ખંભાત નગરપાલિકાની મળેલ જનરલ બોર્ડની ખાસ સામાન્ય સભા ઠરાવે છે કે

ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ–૨૭૧ હેઠળ ''આઝાદી કા અમૃત મહોત્સવ પ્રોત્સાહક વળતર યોજના'' દાખલ કરવા બાબત કમિશ્નર, મ્યુનિસિપાલીટી એડમીનીસ્ટ્રેશનની કચેરી, કર્મયોગી ભવન, ગાંધીનગરના પરિપત્ર નંબર. કમિ.મ્યુનિ. /ન.પા.વ.ટ/પ્રોવયો/૨૦૨૨/૧૪૨૧ તારીખ.૧૯–૦૨–૨૦૨૨ થી સંદર્ભ થી સીગલ ફાઈલમાં સરકારશ્રી એ તારીખ.૧૮–૦૨–૨૦૨૨ થી આપેલ મંજુરીને આધીન પરિપત્ર કરવામાં આવેલ છે જેમાં નિયમો અને શરતો નીચે મુજબ મંજુર કરવામાં આવે છે.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ–૨૭૧ હેઠળ ''આઝાદી કા અમૃત મહોત્સવ પ્રોત્સાહક વળતર યોજના'' નિયમો.

અધિનિયમ એટલે ગુજરાત નગરપાલિકા અધિનિયમ–૧૯૬૩ અને કલમ એટલે અધિનિયમની કલમ–૨૭૧ હેઠળના ખંભાત નગરપાલિકાના નિયમો / શરતો મંજુર કરવામાં આવે છે.

<u>નિયમો / શરતો :–</u>

<u>''આઝાદી કા અમૃત મહોત્સવ પ્રોત્સાહક વળતર યોજના'':–</u>

(એ) <u>જુના માંગણા માટે :–</u>

(૧) આ યોજના અંતર્ગત કરદાતા તેમની મિલકત પેટે અગાઉના વર્ષોના તમામ પ્રકારના વેરાની બાકી રકમ તારીખ.૩૧–૦૩–૨૦૨૨ સુધીમાં ભરપાઈ કરે તો નોટીસ ફી / વ્યાજ / પેનલ્ટી / વોરંટ ફી પેટેની ૧૦૦ % રકમ માફ કરવાની રહેશે.

(બી) <u>નાણાંકીય વર્ષ ૨૦૨૨–૨૩ ના માંગણા માટે :–</u>

(૧) આ યોજના હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૨૨–૨૩ ની વેરાની રકમ તારીખ. ૩૧–૦૫–૨૦૨૨ સુધીમાં એડવાન્સ ભરપાઈ કરવા પર ૧૦ ટકા વળતર મળવા પાત્ર રહેશે ઈ.નગરની મોબાઈલ એપ કે ઈ.નગરના ઓન લાઈન સીટીઝન પોર્ટલ, મોબાઈલ એપ કે વેબ પોર્ટલ ધ્વારા

ઓન લાઈન ડીજીટલ પેમેન્ટ મારફતે સદરહુ વેરાની રકમ તારીખ. ૩૧–૦૫–૨૦૨૨ સુધીમાં ભરપાઈ કરવા પર વધુ ૫ % વળતર મળવા પાત્ર રહેશે.

**"આઝાદી કા અમૃત મહોત્સવ પ્રોત્સાહક વળતર યોજના" ની નિયમો / શરતો :–**

(૧) યોજનાના અમલ માટે નગરપાલિકા એ સરકારશ્રીમાંથી પ્રોત્સાહ વળતર યોજનાનો ઠરાવ થયેથી તાત્કાલિક ખાસ સામાન્ય સભા બોલાવી તેમાં ઠરાવ કરવાનો રહેશે અને ગુજરાત નગરપાલિકા અધિનિયમ–૧૯૬૩ ની કલમ–૨૭૧ હેઠળ નિયમો બનાવી પ્રાદેશિક કમિશ્નરશ્રીની મંજુરી મેળવીને અમલ કરવાનો રહેશે.

(૨) સદરહુ પ્રોત્સાહક વળતર યોજનાનો વધુમાં વધુ પ્રજાજનો / નાગરિકો લાભ લઈ શકે તે માટે યોજનાની પ્રચાર–પ્રસાર માધ્યમો ધ્વારા બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

(૩) આ યોજના દાખલ કરવાથી નોટીસ ફી / વ્યાજ / પેનલ્ટી / વોરંટ ફી પેટે આપેલ માફીની રકમ સંબંધે જરૂરી વિગતો દર્શાવતા રજીસ્ટરો નિભાવવાના રહેશે.

(૪) કરદાતા યોજનાની મુદત દરમ્યાન નાણાં ભરવા આવે ત્યારે સંબંધિત મીલકત પેટે વસુલ કરવા પાત્ર તમામ પ્રકારના વેરા જેવા કે, પાણી વેરો, દિવાબત્તી વેરો, ગટર વેરો, તેમજ શિક્ષણ ઉપકર સહિતની પુરે પુરી રકમ ભરી દે એટલે કે ટેક્ષની તમામ બાકી રકમ શુન્ય કરી દે તો જ તેવા કરદાતાઓને આ યોજનાનો લાભ આપવાનો રહેશે.

(૫) આ યોજનાનો સમય ગાળો અગાઉના વર્ષોના તમામ પ્રકારના બાકી વેરાની રકમ ભરવા માટે તારીખ.૩૧–૦૩–૨૦૨૨ સુધીની રહેશે તથા નાણાંકીય વર્ષ ૨૦૨૨–૨૩ ના વેરાની રકમ એડવાન્સમાં ભરવા માટે તારીખ.૩૧–૦૫–૨૦૨૨ સુધીની રહેશે.

(૬) કરદાતા આ યોજના મુજબ ભરપાઈ કરવાની થતી મિલકત વેરાની રકમ યોજના મંજુર થયાની તારીખથી અથવા શરત નંબર.૦૫ માં દર્શાવેલ સમય ગાળા સુધી ચુકવી શકશે. સદરહુ સમય ગાળા દરમ્યાન પુરેપુરી રકમ ભરવામાં નિષ્ફળ જાય તો તેને આ યોજનાનો લાભ મળવા પાત્ર થશે નહીં.

(૭) આઝાદી કા અમૃત મહોત્સવ પ્રોત્સાહક વળતર યોજના હેઠળ લાભ લેનાર મિલકત ધારકોની વેરા વસુલાત અંગે અલગ પાવતી બુક છપાવી તેમાંથી પાવતી ઈસ્યુ કરવાની રહેશે અને આ પાવતીના મથાળે "આઝાદી કા

અમૃત મહોત્સવ પ્રોત્સાહક વળતર યોજના" એવું હેડીગ છપાવવાનું રહેશે. આ પાવતી બુકોનો રેકર્ડ અલગથી નિભાવવાનો રહેશે.

(૮) કોઈ પણ કરદાતાને કમિશ્નર, મ્યુનિસિપાલીટી એડમીનીસ્ટ્રેશનની કચેરી, કર્મયોગી ભવન, ગાંધીનગરના તારીખ.૧૯–૦૨–૨૦૨૨ ના પરિપત્ર સિવાયની અન્ય કોઈપણ વેરાની રકમમાં કોઈપણ જાતની માફી આપી શકાશે નહી.

નગરપાલિકાની વેરા વસુલાત અસરકારક બને તે હેતુથી નગરપાલિકા વિસ્તારોમાં આવેલ કોઈપણ પ્રકારની મિલકતની વારસાઈ / વહેચણી / વેચાણથી અન્ય વ્યકિતના નામે તબદીલ કરવાની દરખાસ્ત નગરપાલિકામાં આવે ત્યારે સદર મીલકત સંબંધે નગરપાલિકા ધ્વારા વસુલર કરવામાં આવતા તમામ વેરાની રકમ ફરજીયાત રીતે ભરપાઈ કર્યા બાદ જ મીલકત તબદીલી અંગેની કાર્યવાહી નગરપાલિકા ધ્વારા હાથ ધરવામાં આવશે આ સુચનાનો અમલ નગરપાલિકાએ કાયમી રીતે અને ફરજીયાત કરવાનો રહેશે અને નગરપાલિકાના હિતમાં જરૂરી નિયમોમાં વધારો કરવા માટે પ્રમુખશ્રી, ચેરમેનશ્રી કારોબારી કમીટી તથા ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવા ઠરાવવામાં આવે છે.

સર્વાનુમતે મંજુર

સહી. કામીની એચ. ગાંધી<br>
પ્રમુખ<br>
ખંભાત નગરપાલિકા, ખંભાત